શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO. : MAHGUJ/2006/17870 તંત્રી : લક્ષ્મીચંદ પોપટલાલ ચરલા

વર્ષ : ૧૦ ❑ અંક : ૨૭૮ ❑ સળંગ અંક : ૨૯૮૮ ❑ પાના : ૧૨ સૂર્યોદય : ૬.૫૫ www.kutchvagad.com સૂર્યાસ્ત : ૬.૪૫ સં. ૨૦૭૩ : ફાગણ સુદ-૧૧, બુધવાર, તા. ૮ માર્ચ, ૨૦૧૭

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૭. ✻ ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ✻ ફેક્સ : ૨૮૮૮૪૩૪૬ કિંમત : રૂા. ૨/-


## મીટિંગ

### શ્રી ગાલા ખડીરીઆ ભાવિક મંડળ ગાલાધામ-ભચાઉ

ઉપરોક્ત મંડળની કારોબારી તથા જનરલ મીટિંગ, તા. ૦૯-૦૩-૧૭ના રોજ સાંજે ૭.૩૦ વાગ્યે રાખેલ છે. બાબત આગામી શ્રી વિશલ માતાજીની પહેડી મુંબઈ મધ્યે, તા. ૧૬-૦૪-૧૭ના કુરલા મહાજનવાડીમાં આનાફોડથી રાખેલ છે તે બાબત ચર્ચા વિચારણા કરવા. સર્વે ગોઠિયા ભાઈઓને સમયસર આવવા વિનંતી. સ્થળ: શ્રી ઘાટકોપર વિશા ઓસવાળ સમાજ હોલ, અલ્પના એપાર્ટમેન્ટ, બીજે માળે, એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની સામે, ઘાટકોપર-વેસ્ટ. લિ. મંત્રીઓ: વેલજી ગોવર ગાલા, અમરશી વેલજી ગાલા. (J-91501){1-1}

## સામાજિક

### ગામ મનફરામાં શ્રી સતાદાદાને નમતા કારીઆ ગોઠીયા ભાઈ-બહેનો

શ્રી સતાદાદાની માંગણીને અનુલક્ષીને તા. ૧૬-૪-૨૦૧૭, રવિવારના ભુવાશ્રીની સ્થાપના કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ પ્રસંગ અંદાજીત બે થી ત્રણ દિવસ ચાલશે એવી ધારણા છે. આ પ્રસંગ આપ સર્વે ઉદાર દિલ દાતાના સહયોગથી આનાફોડથી કરવામાં આવશે. આ પ્રસંગે તા. ૧૬-૪-૨૦૧૭ના ત્રણે ટાઈમ જમણવાર દાતા શ્રીમતી પાર્વતીબેન હંસરાજ ભુરાલાલ કારીઆ પરિવાર (ભચાઉ) તેમજ તા. ૧૭-૪-૨૦૧૭ના સવારની નવકાશી અને સાંજનું જમણ ગં.સ્વ. ભાનુબેન લાલજી ભોજરાજ કારીઆ પરિવાર (મનફરા) અને સવારનું જમણ શ્રીમતી અમૃતબેન જીવરાજ ભુરાલાલ કારીઆ પરિવાર (ભચાઉ) તરફથી રાખવામાં આવેલ છે. તેમજ તા. ૧૮-૪-૨૦૧૭ના જમણવારનો ખર્ચ અને અન્ય બીજા ખર્ચને પહોચી વળવા આનાફોડથી રૂપિયા ઉઘરાવવાનું નક્કી કરવામાં આવેલ છે. તો સર્વે ગોઠીયા ભાઈ-બહેનોને નમ્ર વિનંતી કે આપણા શ્રી સતાદાદાના ભુવા બનાવવાના પ્રસંગને ધામધુમથી ઉજવવા વધારેમાં વધારે રકમ આનાફોડમાં આપશો. આનાફોડમાં રકમ લખાવવા નરેન્દ્ર ખીમજી કારીઆ, મો.નં.: ૯૮૬૯૦-૭૮૮૫૮ અને પ્રેમજી શીવજી કારીઆ, મો.નં.: ૯૮૧૯૯૪૩૭૯૬નો સંપર્ક કરવા વિનંતી. આ પ્રસંગ એટલો અમુલ્ય છે કે તેનો લાભ લેવા ફરીવાર જલ્દીથી મોકો નહીં મળે. આપણા નસીબે આપણને આવો સરસ મોકો મળ્યો છે તો આ પ્રસંગ માણવા સર્વે ગોઠીયા ભાઈ-બહેનો સહ પરિવાર અને પરણેલી અને કુંવારી નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. જરૂરથી આવા અમુલ્ય પ્રસંગે પધારી શ્રી સતાદાદાના આશીર્વાદ મેળવશો. લિ.: રમણીક મોણશી કારીઆ (ભચાઉ), પ્રેમજી શીવજી કારીઆ (ભચાઉ), લખમશી ભોજરાજ કારીઆ (મનફરા), હંસરાજ ખીમજી કારીઆ (મનફરા). (J-91489)1-2}

### શ્રી લાકડીયા જખ્ખદેવ અને વિશલમાતાનું સ્થાન

* ગામ લાકડીયા હિરાણી વાસમાં શ્રી જખ્ખદેવ અને શ્રી વિશલમાતાને સ્થાને સર્વે ગાલા ગોઠિયા ભાઈઓ અને નિયાણી બેનોને સહર્ષ જણાવવાનું કે લાકડીયા સ્થાનિકે ચૈત્ર વદ એકમ સંવત ૨૦૭૩, તા. ૧૨-૪-૨૦૧૭ને બુધવાર સવારના ૧૦ વાગે પહેડી પ્રસાદ ચડાવવામાં આવશે. આ પ્રસંગે સર્વે ભાવિકો અને નિયાણીબેનોને પધારવા હાર્દિક આમંત્રણ આપીએ છીએ. આ વર્ષની પહેડી આનાફોડથી કરવામાં આવશે. રૂા. ૧૦૦૦ (એક હજાર)નું એક એક આનો એવી રીતે નક્કી કરવામાં આવેલ છે. આનાફોડમાં નિચે પ્રમાણે નામો આવેલ છે.
* ૫ આના માતુશ્રી લક્ષ્મીબેન ખેરાજ લધા ગાલા ગામ લાકડીયા,
* ૫ આના માતુશ્રી હીરૂબેન પ્રેમજી જેઠા ગાલા ગામ લાકડીયા
* ૫ આના માતુશ્રી તારાબેન ચાંપશી ભીમશી ગાલા ગામ થોરીયારી
* ૫ આના માતુશ્રી લક્ષ્મીબેન હરખચંદ ભચુ ગાલા ગામ લાકડીયા.
* ૫ આના માતુશ્રી વેલુબેન રવજી ગેલા ગાલા ગામ લાકડીયા
* ૫ આના અ.સૌ. ભાવલબેન રતનશી લધા ગાલા ગામ લાકડીયા.
* ૫ આના અ.સૌ. ઈન્દુમતી ચુનીલાલ મણશી ગાલા ગામ લાકડીયા.
* જે પણ ગોઠિયા ભાઈઓને આનાફોડમાં રૂપીયા લખાવવા હોય તેણે શ્રી ધનજી ખેરાજ ગાલા, મો.: ૯૮૨૦૧૦૦૫૨૦ અને શ્રી અમરશી પ્રેમજી ગાલા મો.: ૯૮૨૦૧૧૨૧૦૭ની ઉપર સંપર્ક સાધવા વિનંતી.
* તા. ૧૧-૪-૨૦૧૭ના છસરા પહેડીમાં જવા માટે લાકડીયાથી બસની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
* લિ. મંત્રીઓ: શ્રી અમરશી પ્રેમજી ગાલા, શ્રી મુકેશ રવજી ગાલા. (A-91140){1-3}

### ભરૂડીયા નવચેતના મહિલા મંડળ

આપણા મંડળને ૧૦ વર્ષ થયા એની ઉજવણી રૂપે આ વર્ષનો છેલ્લો ધમાકેદાર પ્રોગ્રામ તા. ૨૩-૩-૨૦૧૭ ગુરૂવારે બોરીવલી નેશનલ પાર્કમાં રાખેલ છે. આ પ્રોગ્રામ ફક્ત અને ફક્ત મેમ્બર્સ માટે છે. આવનાર દરેક મેમ્બરને મંડળ તરફથી ગીફ્ટ આપવામાં આવશે. આવનાર દરેક મેમ્બરે પોતાના નામ ત્રણ દિવસમાં રજીસ્ટર કરાવવાના રહેશે. આવતા વર્ષની મેમ્બરશીપ રિન્યુલ કરવામાં આવશે. (રૂા. ૫૦૦) નેશનલ પાર્કના મેન ગેટ પાસે બપોરે ૨ વાગે આવી જવું. Date:: 23rd March Thursday Venue-National Park, Borivali (E) Time. 2.00 to 6.00 pm (અંધેરી) રસીલાબેન: 9167410440, (ઘાટકોપર) અનીતાબેન: 9969188333, (થાણા) ગીતાબેન: 9769574852 4th International Tour to EOROPE First જાહેરાતમાં ફુલ થઈ ગયેલ છે આપ સૌના સુંદર પ્રતિસાદ બદલ ખૂબ ખૂબ આભાર. લિ. કમિટી. (M-17789){1-4}

### ઘાણીથર થી છસરા પગપાળા સંઘ

ધજા દેખી ધણી સાંભરે, દેવળ દેખી દુઃખ જાય. દર્શન યાત્રા કરતા સામખીયારી થી છસરા પદયાત્રીકો જાય પગપાળા-પગપાળા-પગપાળા. ઘાણીથર મધ્યે બિરાજમાન ગાલા કુળના કુળદેવી શ્રીવિશલમા અને છસરા કુળદેવના દર્શન વંદન કરવા હૈયુ ભાવ વિભોર બની જાય. સઘળી આધી વ્યાધિ ઉપાધી દૂર થઈ જાય. દેવરામ દાદાની શીવલખા મુકામે પહેડી કરવાની ભાવના થાય તો મંડળને જણાવશો. સામખીયારી થી ૭-૪-૨૦૧૭ના શુભ શરૂઆત, તા. ૧૦-૪-૧૭ના સાંજે છસરા દાદાના ધામમાં પહોંચશું. તો પદયાત્રામાં જોડાતા સર્વે ભાઈ બહેનો જેમની ભાવના હોય તે ૧૫-૩-૧૭ સુધીમાં જરૂરાજરૂર ફરજીયાત નામો લખાવશો. તોજ પદયાત્રામાં આવકાર્ય રહેશે નહીં તો નહી તો નામો લખાવશો અને વ્યવસ્થા સારી થઈ શકે. પગપાળામાં સહયોગી દાતા તેમજ શિવલખા દેવરામ દાદાની પહેડી દાતા આવકાર્ય છે, તો મંડળને જાણ કરશો. જીવદયા માટે કીડીયારામાં, પંખીઓને ચણ, કુતરાના રોટલા બિસ્કીટ, ગાયોને ચારો રાખવામાં આવે છે. તો આપશ્રી તરફથી રકમ લખાવવા વિનંતી. નામો નોંધાવવા: પ્રવિણ નાનજી ગાલા-૯૮૨૦૫૧૫૬૫૬, હેમરાજ રવજી ગાલા ૯૮૩૩૫૫૮૫૬૦, જીવદયા માટે: વેલજી અવચર ગાલા ૯૮૯૨૭૮૪૪૦૦, અનિલ હેમરાજ ગાલા-૯૮૩૩૪૮૭૫૪. વધુ સંપર્ક માટે: મુકેશ ગોવર ગાલા-૯૮૨૧૮૧૪૪૫૧. (M-17793){1-5}

### પહેડી-પહેડી-પહેડી

સ્મરણ કરે સુખ ઉપજે, ભજતા દુઃખ જાય એવા પ્રતાપી વિશલમા જખ્ખદાદા મારા હૃદયામાં રહો સદાય. ધન્ય ધરા કચ્છ વાગડની, ધન્ય ઘાણીથર ગામે ગાલા કુળના કુળદેવી શ્રી વિશલમા બિરાજમાન છે. તેમની સ્થાનિકે ઘાણીથર મધ્યે ચૈત્ર વદ ૨ (બીજ)ના સવારે ૧૦ કલાકે રાખવામાં આવેલ છે. પહેડી દાતા માતુશ્રી દિવાળીબેન જેઠાલાલ નાથા ગાલા (ઝાલાણી) પરિવાર તરફથી છે, તો સર્વે ગોઠિયા ભાઈ-બહેનો, નિયાણી બહેનોને ઘાણીથર મધ્યે પહેડીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સવારે ૧૧ વાગે આરતી અને ૧૧ થી ૧ સુધી પ્રસાદ રાખવામાં આવેલ છે, તો સમયસર વહેલા માતાજીની ભક્તિ કરવા અને પ્રસાદ લેવા પધારશો. વધુ સંપર્ક મુકેશ ગોવર ગાલા : ૯૮૨૧૮૧૪૪૫૧ લિ. મંત્રીઓ. (J-17794){1-6}

### શ્રી ડાઘા મિત્ર મંડળ (મુંબઈ)

સમસ્ત ડાઘા પરિવારની કુળદેવી શ્રી મોમાય માતાજીની પહેડી, તા. 28/3/2017ના ગુડીપાડવાના દીને સવારના કુરલા મહાજન વાડીમાં યોજેલ છે.આ પહેડીના સંપૂર્ણ ખર્ચના ઉદાર દીલ દાતાશ્રી માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લખમણ ડાઘા પરિવારે લીધેલ છે તો સર્વે નિયાણી બહેનો અને ગોઠિયા ભાઈઓને સહૃદયે પ્રસાદ લેવા વિનંતી. નિયાણી બહેનોને પ્રભાવના આપવા માટે ઈચ્છુક ગોઠિયા ભાઈઓ જયંતી પ્રેમજી-લાકડીયા-9821135056, રવજી કાનજી-ભરૂડીયા-9820571556, પ્રવીણ શીવજી-આધોઈ-9819674514ને સંપર્ક કરે. (M-17792){1-7}

### લાકડીયા માંડલે નમતા છાડવા પરિવારની પહેડી

**ચૈત્ર સુદ-આઠમને મંગળવાર, તા. ૦૪-૦૪-૨૦૧૭**

સપનામાં આવે શ્રી મોમાઈ માતાજી, અમને નિયમિત દર્શન થાય. દર્શનથી ઠરે અમારા દિલડા, જેમનું ખરા ભાવપૂર્વક સ્મરણ કરવાથી આપણું જીવતર સફળ થાય એવો લાખેણો અવસર, ગામ-લાકડીયા મધ્યે હરકણાના વાસમાં બીરાજમાન શ્રી મોમાઈ માતાજીના માંડલે નમતા છાડવા ભાઈઓના આંગણે આવી રહ્યો છે. આ વર્ષે પહેડીના દાતા ગામ-લાકડીયાના માતુશ્રી પાર્વતીબેન દામજી ખેરાજ છાડવા પરિવાર તરફથી આમંત્રણ આવેલ છે-તો સર્વે છાડવા પરિવારો તથા નિયાણી બહેનો તથા જમાઈરાજાને શ્રી મોમાઈ માતાજીનો મહાપ્રસાદ લેવા સપ્રેમ આમંત્રણ છે. ઘરદીઠ એક વ્યક્તિએ પહેડીમાં હાજરી આપવા વિનંતી. જે ભાવિકોએ નિયાણી બહેનોને પ્રભાવના આપવાની ઈચ્છા હોય તો નીચેના ભાઈઓને નામ લખાવવા વિનંતી. પહેડીનું સ્થળ: હરકણાના વાસમાં, "છાડવા હોલ" મધ્યે રાખવામાં આવેલ છે. (૧) દામજી ટોકરશી છાડવા: 9967615065, (૨) મણીલાલ શીવજી છાડવા: 9820452528, (૩) કેશવજી ચાંપશી છાડવા: 9323898977. (J-91546){1-8}

### શ્રી ડાઘા મિત્ર મંડળ

આધોઈ ડાઘા કુળની મા મોમાયને નમતા ભાવિકો જોગ, સ્થાનિકે તા. ૬-૪-૧૭ના મોમાય માતાજીની પહેડી તા. ૭-૪-૧૭ના ખારોઈવાળા દાદાની પહેડી યોજેલ છે, આ પહેડી આનાફોડથી થશે. કાયમી ધજાના દાતા : માતુશ્રી લાડુબેન જગશી દેવશી ડાઘા. આ વર્ષ પહેડીના દાતા ન હોવાથી સમૂહમાં યોજેલ છે તો આનાફોડમાં યથાશક્તિ આના લખાવી મંડળને ફંડ આપવા અભીલાષા. આનાફોડ માટે લક્ષ્મીચંદ અરજણ-9819840482 અને પ્રવીણ શીવજી- 9819674514નો સંપર્ક કરવા વિનંતી. (M-17791){1-9}

## ધંધાદારી

### વેકેશન બેચીસ મોન્ટેસરી E.C.C.Ed. Govt.Regd. ડિપ્લોમા કોર્ષ

માત્ર બે મહિનામાં (Crash Course) જોબ ઓરીએન્ટેડ ટિચર્સ ટ્રેનિંગ ડિપ્લોમા Regular (સવાર/બપોર/સાંજના બેચીસ) Sat., Sun batches/Correspondence/on line (પ્રેક્ટીકલ ટ્રેનિંગ સાથે)આ કોર્ષ કરીને મેળવો State/ICSE/CBSE/IB બોર્ડની શાળાઓમાં જોબ. www.teachertrainingmumbai.com વિદ્યાનીધી એજ્યુકેશન સોસાયટી-બોરીવલી સ્ટેશન (વેસ્ટ)/ 28945954/5538. (M-17594){1-10}

### બ્યુટી વર્લ્ડ

સગાઈ, સંગીત સંધ્યા કે લગ્ન પ્રસંગોમાં સાજ શણગાર કરવા હોય, પાર્ટીમાં અથવા કોઈ બીજા પ્રસંગો કે Occasion માટે તૈયાર થવું હોય તો તૃપ્તી શાહ (ગોગરી)નો કોન્ટેક્ટ કરો:૯૯૩૦૫૪૦૨૮૦.(J-91530){1-11}

## અભિનંદન

**જન્મદિવસ આમ ઉજવીએ તો?**

જન્મદિવસ બધાં દેશોમાં ઉજવવામાં આવે છે, આપણા દેશમાં પણ ઉજવવામાં આવે છે. પરંતુ કેવો? ખાવું-પીવું, નાચવું,દારૂ પીવો અને સિનેમા જોવા માટે. જન્મદિવસ પર આપણે નિયમ લઇએ કે અમુક દોષને દૂર કરીશ અને એનું સ્થાન અમુક સદ્ગુણથી ભરીશ. નિયમિત થોડો સમય સ્વાધ્યાય કરીશ અને વ્યસન અને ફેશનથી બચીને રહીશ. મીણબત્તી બુઝાવીને નહીં પરંતુ આપણે જેટલાં વર્ષના થયા હોઇએ એટલાં દીવડાં પ્રજ્વલિત કરીને પછી જે વ્યક્તિનો જન્મદિવસ હોય એમની ઉપર આવેલા મિત્રો, સંબંધીઓએ પુષ્પવૃષ્ટિ કરી કપાળ પર તિલક કરી, શતાયુ ભવ બોલીને એકાદ સારો નિયમ લઇને જન્મદિવસ સેલિબ્રેટ કરવો જોઇએ.
* પત્રિકા સૌજન્યઃ મનફરા-વિલેપાર્લા ક્લાસિક વિઝન - ઉમેષ ભચુ દેઢીયા
* શ્રી વા.વિ.ઓ. સ.મા. કેન્દ્ર રમણીકલાલ પ્રેમજી દેઢિયા (ભચાઉ-ખેતવાડી) લિ. મંત્રીઓ.

(J-91527){2-1}

## પ્રવાસ કેમ્પ

**ટ્રેકીંગ ન્યુઝ, માઉન્ટન માર્કસ, એડવેંચર ટ્રેક હિમાલયન ટ્રેકીંગ, રિવર રાફ્ટીંગ**

મુલુંડ ''માઉન્ટન માર્કસ'' દ્વારા આયોજીત ૧૪ થી ૪૦ વર્ષના યુવાઓ માટે વિવિધ હાઇકિ એડવેંચર ટ્રેક.
* હરકિ દુન ટ્રેક વિથ રાફ્ટીંગ-૬/૫. દિવસ ૧૩ ચાર્જ રૂા. ૧૮૫૦૦.
* પાસ્ચર હમતા ટ્રેક વિથ રાફ્ટીંગ-મનાલી-૯/૫. દિવસ ૧૨ ચાર્જ રૂા. ૧૮૦૦૦
* રાનીસુઇ ટ્રેક વિથ મનાલી, રાફ્ટીંગ-૧૩/૫. દિવસ ૧૧ ચાર્જ રૂા. ૧૬૮૦૦
* ધાનાકુનુ ટ્રેક વિથ મનાલી, રાફ્ટીંગ-૨૦/૫. દિવસ ૧૧ ચાર્જ રૂા. ૧૬૫૦૦
ધારવા ટોપ યમનોત્રી ટ્રેક વિથ ઋષિકેશ રાફ્ટીંગ-૨૩/૫ દિવસ ૧૨ ચાર્જ રૂા. ૧૮૫૦૦
* ભ્રીગુલેક સ્નો ટ્રેક વિથ મનાલી રાફ્ટીંગ૧૫/૬-દિવસ ૧૦ ચાર્જ રૂા. ૧૬૦૦૦.
* દેઓટીબા બેઝ સ્નો ટ્રેક વિથ મનાલી, રાફ્ટીંગ-૨૨/૬ દિવસ ૧૩ ચાર્જ રૂા. ૧૯૦૦૦
* ગંગોત્રી, ગૌમુખ, તપોવન ટ્રેક-૨૨-૬. દિવસ ૧૨ ચાર્જ રૂા. ૧૮૫૦૦
* લેહ લડાખ રિફ્રેશીંગ ટુર વિથ મનાલી, રાફ્ટીંગ ૨૪/૬. દિવસ ૧૩. વધુ વિગત જયંત જીવરાજ દેઢિયા-ગઢશીશા-9820687437, કેતન લક્ષ્મીચંદ છેડા-પુનડી-9820977922. www.mountainmarks.com

(T-91260){2-2}

**સસ્તી એર ટિકિટો**

જો આપ ઓનલાઇન પ્રેમી છો, ફ્લાઇટની ટિકિટ મેક માય ટ્રિપ યાત્રા, ક્લીયર ટ્રીપ જેવી વેબસાઇટથી કાઢી રહ્યા છો. તો જ આપ અમને સંપર્ક કરો. આપના વેબસાઇટ પર શુ ભાવ મળે છે. તે અમને જણાવો અમારી પાસેથી હજી પણ સસ્તી ટિકિટો મેળવો. દરેક ધંધાર્થે ટ્રાવેલ કરતા વેપારી, ઇવેન્ટ, ઓર્ગેનાઇઝર, કોર્પોરેટ કંપની, વ્યક્તિગત જેમને ખરેખર સસ્તી ટિકિટો લેવામાં રસ હોય તેઓ અમને સંપર્ક કરે. વેબસાઇટ પર સંપૂર્ણ વિગતો ભર્યા પછી પેમેન્ટ કરતી વખતે ફક્ત એક આંકડો ટાઇપ કરશો ત્યારે જે ભાવ દેખાશે એ ભાવ તમારે અમને આપવા ફક્ત વાપરવાની વૃત્તી રાખવાવાળા ફોન ન કરે. રેલ્વે ટિકિટ, બસ, હોટેલ, ગ્રુપ ટુર, હનીમુન ટુરને લાગતી કોઇપણ બાબત માટે અમારા નંબર સાચવી રાખશો તો યોગ્ય સમયે જરૂર કામ લાગશે. રાજેશ રાંભીયા-૯૮૭૦૪૫૯૦૫૪, ૨૮૮૦૫૮૦૦.

(M-17691){2-3}

## ધંધાદારી

**આયુ હીના મહેંદી ઘાટકોપર-મુલુંડ-સાંતાક્રુઝ ખાર અને ભાયખલામાં**

આયુ હીના 4 કલરમાં ઉપલબ્ધ છે. MRP 40/- No Side Effects * (1) પ્રમાણીક સ્ટોર-ગોલવાલા બંગલો, હીંગવાલા લેન, M.G. રોડ, ઘાટકોપર (E) 25010043 * (2) જ્યોતી ચોઇસ-મહાવીર દર્શન, L.T. રોડ, મુલુંડ (E) 9833589662 * (3) અરીહંત સ્ટોર, વિશ્વ શાંતી બિ. 7th ગોલીબાર રોડ, સાંતાક્રુઝ (E) 9324359292 * (4) વર્ધમાન સ્ટોર, જવાહર નગર, ગોલીબાર રોડ, ખાર (E) 9987649320 * (5) હીરા મેડીકલ, 111, મહેતા ચેમ્બર, Opp. સુમેર ટાવર, મોતીશા લેન, ભાયખલા-23753515 અન્ય કાંઇ માહીતી માટે લક્ષ્મી સ્ટેશનરી માર્ટઃ 93/115 ફનસવાડી Opp. વ્યંકટેશ બાલાજી મંદીર, ચીરાબજાર સંદીપ રાંભીયા-9869685226.

(J-91540){2-4}

**દશાથી દિશા બદલો**

લક્ષ્મી મેળવવી અને લક્ષ્મી પામવી એ આપણો અધિકાર છે. દિવ્ય સિધ્ધ સ્થિર લક્ષ્મી કિટની કિંમત છે 31, 000 રૂા. વસ્તુની જાણકારી અને પ્લેસમેન્ટ કિટમાં બતાવવામાં આવી છે. for more details, Contact: Astro Numerologist Viijaya Gada 9892665066.

(M-17687){2-5}

**મુલુંડ-વેસ્ટમાં દુકાન ભાડે આપવાની છે**

સાડી, ડ્રેસ મટીરીયલ, રેડીમેડ, મોબાઇલ, ઇમીટેશન, કોસ્મેટીક, ડ્રાયફ્રૂટ દરેક ધંધાને લાયક. 260 કારપેટ, S.L. Road, M.N.: 9029850240-વસંત છેડા.

(J-91511){2-6}

**જૈની કેટરર્સ (આધોઇ )**

વાગડ-કચ્છવાસી જ્ઞાતિ સ્વજનો આપના શુભ પ્રસંગોની શાનદાર રીતે ઉજવણી કરવા જેમકે સગપણ, સમુર્તા, સંગીત-સંધ્યા, સાંજી, નિયાણી મુંડન, લગ્નોત્સવ, પહેડી ઉપરાંત સંસ્થાકીય કાર્યક્રમોનું સંતોષપ્રદ આયોજન કરવા સંપર્ક કરોઃ સંપર્ક : રાજેશ દેવરાજ ફરીયાઃ 9892063162.

(M-17795){2-7}

**1) વિલેપારલા-ઇસ્ટ/વેસ્ટ, ઇરલા, જુહુ વસ્તીપત્રક-2017**
**2) ઘરદીઠ એક બુક ''ફ્રી'' (4 કલરમાં)**



* શ્રી ખીરાણી પ્રકાશન દ્વારા ઉપરોકત એરીયાની વસ્તીપત્રકનું કામ પુરૂ થયેલ છે. ઘણા ભાઇ-બહેનોએ ''અનુપમ સ્ટુડીયોમાં'' ફોટો પડાવેલ છે તેઓના ફોર્મ ચેકીંગ કરવાના બાકી છે. તો આપના પરિવારમાંથી એક સભ્ય રૂબરૂ આવી (સગાં-સંબંધી નહીં) ફોર્મ ચેકીંગ કરી જવા નમ્ર વિનંતી.
* ફોટો ''ફ્રી''માં પડાવવાની વ્યવસ્થા છે માટે જેમના ફોટો બાકી છે તેઓએ વહેલી તકે ફોટો પડાવવા. સ્થળઃ અનુપમ સ્ટુડીયો, દેના બેંકની બાજુમાં, નહેરૂ રોડ, પારલા ઇસ્ટ, ફોનઃ 26146890.
* આપના સાથ સહકારની અપેક્ષા. ફોર્મ ચેકીંગઃ ખીરાણી પ્રકાશન, 206, પ્રતિક એવન્યુ, શિવસાગર હોટલની સામે, નેહરૂ રોડ, પાર્લા-ઇસ્ટ, મુંબઇ-૫૭. ફોનઃ 26155757/26125858, Mo.: 9870556856. લિ. પદમશી કોરસિંહ ખીરાણી-લાકડીયા.

(J-91536){2-8}

**ડેન્ટલ ઇમ્પ્લાન્ટ ૧૫,૦૦૦/- થી ૨૦,૦૦૦/-**

ડો. ગીરધન ગડા સંચાલિત સદભાવના મેડિકલ સેંટર દ્વારા ડેન્ટલ ઇમ્પ્લાન્ટ બહુ જ રાહતના દરે કરવામાં આવે છે. માત્ર ૧૫૦૦૦/- થી ૨૦,૦૦૦/- એક ઇમ્પ્લાન્ટ. ઇમ્પ્લાન્ટોલોજીસ્ટની એપોઇન્ટમેન્ટ માટે સંપર્કઃ 28880654/8082534625. એડ્રેસઃ રૂમ નં. ૨૨, રોનક ભવન, બચ્ચાની નગર, મલાડ-ઇ.

(M-17733){2-9}

**વાગડ સમાજના લોકપ્રિય જ્વેલર્સ'' ! રિધ્ધી સિધ્ધી જ્વેલર્સઃ ઘાટકોપર!**

916 સોનાના અને સુપર ડિલક્ષ સર્ટીફાઇડ સાચા હિરાના દાગીનામાંઃ લેટેસ્ટ ડિઝાઇનો સાથે નીતનવા દાગીનાનું માતબર રેડી સ્ટોક આપનું મન મોહી લેશે.
* સાથે આપના જુના દાગીનામાંથી (ફિલ્ટર કરીને) આપની પસંદગી મુજબના બનાવી આપશું.
* ભાવ-પ્યોરીટી-ઘડામણી અને વહેવારમાં પ્રમાણિકતા અમારો મુદ્રાલેખ... પરિણામે '૨૫' વર્ષથી અમે કચ્છી/વાગડ સમાજમાં મેળવ્યું છે 'ફેમીલી જ્વેલર્સ'નું સ્થાન. એકવાર દાગીનાનું કલેક્શન જોવા પણ જરૂર આવો.
* ''રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ'' ગાયત્રી સોસાયટી, એમ.જી. રોડ, દેરાસર લેન કોર્નર, ઘાટકોપર (ઇસ્ટ). ફોનઃ ૨૫૦૮૫૫૪૪ તરૂણ જ્યંતિલાલ સાવલા (કોડાયવાલા).

(J-91474){2-10}

વિલેપાર્લે-વેસ્ટમાં ૫૮૦ ફૂટનો ફ્લેટ અર્જન્ટ વેચવો છે. બહારગામ જવાના કારણે ૯૩૮ ફૂટનો ફ્લેટ, ૭૫૦ ફૂટનો ફ્લેટ, ૫૦૫, ૫૧૦, ૮૦૦, ૧૬૦૦, ૨૦૦૦, ૬૨૪, ૭૨૫, ૮૪૦ ફૂટના ફ્લેટ વેચવા છે. ૪૩૫, ૬૫૦, ૬૦૦, ૧૦૦૦, ૧૭૦૦, ૪૦૦, ૩૬૧ આ તમામ ફ્લેટો તદ્દન સસ્તા ભાવે મળશે. ૨૮૦ ફૂટની દુકાન, ૨૭૫ ફૂટની દુકાન, ૫૦૦ ફૂટની દુકાન, ૧૬૦ ફૂટની દુકાન, ૧૫૦૦ ફૂટ, ૫૦૦૦ ફૂટ, ૨૪૦૦ ફૂટની દુકાન અર્જન્ટ વેચવી છે. મળોઃ કેશવજી ચરલા-આધોઇ, M.: 9322273816, 8097548275.

(-91135){2-11}

**ફ્લેટ, દુકાન જગ્યા લેવા વેચવા માટે મળો**

પાર્લા, અંધેરી, સાંતાક્રુઝ, બોરીવલી, કાંદિવલી, ગોરેગાંવ, કોઇપણ એરિયામાં જગ્યા મળશે. ૬૦૦ ફૂટની ઓફિસ ભાડેથી આપવી છે. ૧૫૦ ફૂટની ઓફિસ વેચવી છે. ૩૦૦ ફૂટની રૂમ ૫૦ લાખ, ૩૩૦ ફૂટની રૂમ ૬૦ લાખ. ૪૪૦ ફૂટની રૂમ ૫૫ લાખ, ૩૩૦ ફૂટની રૂમ ૩૦ લાખ. ૧૦૦ ફૂટની દુકાન ૧૫ લાખ, ૬૦૦ ફૂટનો ફ્લેટ ૧ કરોડ ૪૦ લાખ. ૫૦૫ ફૂટનો ફ્લેટ ૧ કરોડ ૨ લાખ, ૪૦૦ ફૂટનું ગોડાઉન ભાડેથી આપવું છે. ભાડું ૨૦ હજાર. મળોઃ કેશવજી ચરલા આધોઇ M.: 9322273816, 8097548275.

(A-91135){2-12}

**કચ્છી સમાજનું ગૌરવ-'ઓમ જ્વેલર્સ-બોરીવલી' હવે મુલુંડમાં તમારું સ્વાગત કરે છે...**

* હોલ માર્કડ સોનાની તથા સર્ટિફાઇડ સાચ્ચા હીરાની લગ્નસરાની જ્વેલરીનું કલેક્શન
* એન્ટીક, કુંદન,અને પોલ્કી (વિલંદી) જ્વેલરીનું નવું કલેક્શન
* આણા અને છાબ માટે સોલિટેર ડાયમંડની આકર્ષક જ્વેલરી
* ઓમ જ્વેલસ મોજલી Youngsters બને સજીલી OMSTERS
* ટ્વીન સ્ટોર્સ, ઓમ જ્વેલર્સ જંક્શન, એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઇ-૯૨. ફોનઃ ૬૧૫૮૭૦૦૦.
* શ્રી સિધ્ધી પ્લાઝા, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦. ફોનઃ ૬૧૫૮૭૦૦૧. લિ. નરેન્દ્ર સોની, મુકેશ સોની, ભાવિન સોની (કચ્છ-ડોણ-ગોધરા-હાલાપરવાળા).

(M-17712){2-13}

**ધ્યાનથી વાંચો કામ લાગશે**



વાસ્તુદોષ, મંગળદોષ, શનિદોષ, ગૃહદોષ, પિતૃદોષ, દેવદોષ, નક્ષત્રશાંતિ, નારણબલી, કાલસર્પ દોષ. આ દોષના નિવારણ માટે અને સારી અને સુંદરવિધી માટે ૧ નામ શ્રી રાજેશ પ્રેમજી મહારાજ, મો.: ૯૮૨૧૨૮૩૯૨૯, ૯૮૨૧૯૫૪૩૬૭. નોંધ લગ્નનું બુકીંગ ચાલુ છે.

(M-17780){2-14}

**વજન ઘટાડવું સહેલું છે ૯૦૨૨૦૪૭૭૯૨**

જૈન વનસ્પતિ ઔષધીના સેવનથી મહિનામાં ૩ થી-૫ કિલો વજન+હાથ-પગની ચરબીનો ઘેરાવો ઘટે છે. બહેનો ભારેખમ મોટાપો+બેઠાડું જીવન, થાઇરોડ, મોનોપોઝ, ડિલીવરી, જુની કબજીયાત, વાયુ, સોજા જેવા અનેક કારણોથી વધી ગયેલું+પેટ કમરનો ઘેરાવો ઉતરે છે. વજન ઉતર્યા પછી પાછું વધતું નથી. કોઇપણ આડઅસર વગર શરીર સુંદર-સ્લીમ થવા લાગશે. મહિનાની દવાના ૧૦૦૦/- રૂપિયા ત્રણ મહિનાની સાથે લેશો. ડિસ્કાઉન્ટ મળશે. (ફ્રી હોમ ડિલીવરી-9022047792-ડો. આશાબેન.

(M-17752){2-15}

**FREE TREATMENT EVERY SUNDAY-9-11**

KNEE-BACK PAIN, જમીન પર બેસતા, નીચે નમીને ચીજવસ્તુ લેતા, દાદરો ચડ-ઉતર કરતા, ઘુંટણના ઓપરેશન પછી પગમાં સોજા-બળતરા-ખાલી ચડવી, એડીના દુઃખાવા માટે દવા ઓપરેશન વગર FREE સારવાર. વધુ માહીતી માટે YOU TUBE DR. ZAVER MOTTA મોબાઇલ નં.: 9833099110 TULSI BLDG., Khetwadi Back Road, જુના પેશન્ટો પણ આવી શકે છે. નોંધઃ સખી વૃંદ, મહિલા મંડળ, સંસ્થાઓ, એક્યુપ્રેશર-પંક્ચર, થેરાપીસ્ટો તમારા સ્થળે FREE SEMINAR માટે સંપર્ક કરી શકે છે.

(J-91506){2-16}

**હોળી-હોળી-હોળી સેલવાસા-ઇગતપૂરી-લોનાવલા-કર્જત**

હોળીની મજા માણો અમારી સાથે ૧ રાત્રિ, ૨ રાત્રિ, ૩ રાત્રિ સ્પેશીયલ રેટમાં. તેમજ વર્ષ દરમ્યાન નેશનલ & ઇન્ટરનેશનલ ટુરોની મજા માણો. હોટલ, કાર, એર, ટ્રેન, પેકેજ, વીસા, પાસપોર્ટ, ટ્રાવેલ ઇન્સ્યુરન્સ, મની ટ્રાન્સફર, ક્રુઝ, ટ્રેકિંગ, સ્પેશીયલ ટુરો કપલ, ફેમીલી, લેડીસ, સીનીયર સીટીઝન, મધર-ચાઇલ્ડ, યંગસ્ટર્સ વગેરે. સંપર્કઃ ચોઇસ ટુર્સ & ટ્રાવેલ્સ-ગોરેગામ-ઇસ્ટ (સવારે ૧૦.૦૦ થી રાત્રે 8.00 સોમ.થી શનિ.).9022222746, 9322484184, 26865701/02/03ઇમેઇલઃ travels@choicegroupdn.com વેબસાઇટઃ www.choicegroupdn.com

(M-17735){2-17}

**ખેતીવાડી માટે વાડી જોઇએ છે**

ખેતીવાડી માટે ભાડા પર અથવા વેચાતી વાડી વાગડ વિસ્તારમાં અથવા મહારાષ્ટ્રમાં જોઇએ છે. સંપર્કઃ મહેન્દ્ર નાનજી ગડા (Bhachau) - 9833393193.

(M-17771){2-18}

**લગ્નવિધી-પિતૃવિધી બુકીંગ ચાલુ છે**

દિપક મહારાજ-લાકડીયાવાળા લગ્ન, પૂજા, કથા, હવન, બરવિધિ, પિતૃશાંતિ, ગોરાતાર તારવણું, નારણબલી, વાસ્તુશાંતી, ભુમીપૂજા, પહેડી, ગ્રહોના નંગની પૂજા, જન્મકુંડલી દરેક વિધીવિધાન માટે વાગડ સમાજમાં જાણીતા દીપક મહારાજ, મો.: ૯૮૨૦૬૯૯૨૦૯, ૮૦૮૦૫૬૯૦૯૯.

(M-17781){2-19}

કચ્છ-વાગડ ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યવસાયિક જાહેરાતો, મેટરો કે નિવેદનો તેમના પોતાના હોય છે. એમાંથી ઉદ્ભવતા પરિણામો વિશે શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન તેમજ કચ્છ-વાગડ ખબર પત્રિકાના તંત્રી જવાબદાર નથી.

## સામાજિક

### છેડા મુંડાણી અંબે માતાજીની પહેડી
### પધારો-પધારો-પધારો



ભચાઉ મધ્યે નમતા ગામ આધોઈના તથા ભચાઉના છેડા મુંડાણી ગોઠિયા ભાઈઓની પહેડી ચૈત્ર સુદ છઠ્ઠ રવિવાર, તા. 2-4-17 ના રોજ ઠે.: કપોળવાડી, એમ.જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ) મધ્યે માતુશ્રી ચંપાબેન હીરજી રાઘવજી છેડા પરિવાર આધોઈ હાલે ઘાટકોપર તરફથી છે, તો તે દાતા પરિવારને ખુબ ખુબ અભિનંદન. પહેડીના પ્રસંગે દાતાશ્રી પરિવાર તરફથી સર્વે ગોઠિયા ભાઈ બહેનો તથા નિયાણી બહેનોને સહ પરિવાર પહેડીનો પ્રસાદ લેવા પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. માતાજીની આરતી સવારે ૧૦.૩૦ કલાકે વાડીમાં થશે તો સર્વેને સમયસર પધારવા વિનંતી. પ્રસાદનો સમયઃ ૧૧.૦૦ થી ૧.૩૦ છે.

* લિ. છેડા મુંડાણી મંડળ વતીથી શ્રી જખુભાઈ મણશી છેડા-ભચાઉ-ફોર્ટ, શ્રી દેવજી કરસન છેડા ભચાઉ-ઘાટકોપર, શ્રી હસમુખ કાનજી છેડા આધોઈ-ઘાટકોપરના જય માતાજી. તા.ક. નિયાણી બહેનોને પ્રભાવના કરવાની હોય તો તેના નામો ઉપરોક્ત વ્યકતી પાસે, તા. 25-3-2017 સુધી લખાવવા નમ્ર વિનંતી. (J-91538){3-1}

## ધંધાદારી

### દશાથી દિશા બદલો

માનસિક શાંતી આપનાર, મનની ઈચ્છા પુરી કરનાર દિવ્ય ક્રિસ્ટલ જાપ માલા - ૩,૩૦૦ થી ૩૦,૦૦૦ સુધીની મળશે. નામ પ્રમાણે સિધ્ધ (બ્રહ્મ મુહૂર્તમાં) કરી આપવામાં આવશે. For more details, Contact: Crystal Master and Gemologist Viijaya Gada-9892665066. (M-17687){3-2}

### દેવલાલીમાં મોકાનો ફ્લેટ વેચવાનો છે

શ્રી આદેશ્વર સોસાયટી, ૧લે માળે, C-૨૬, ૮૩૫ ફૂટ (૭૦૦ કારપેટ) બે બેડરૂમ-હોલ-કીચન, ઈસ્ટ-વેસ્ટ ઓપન, હવા-ઉજાસવાળો મનગમતો ફ્લેટ, આખી સોસાયટી હરિયાળી, શાંત વાતાવરણ, બાલાજી જિનેશ્વર સોસાયટીની અડોઅડ. પાનબાઈ અને વાગડવાળા સેનેટોરીયમની પાસે તક ઝડપી લ્યો. સંપર્કઃ સ્વબળેશ્વર એસ્ટેટ એજન્સી-જયંતી કે. ખીરાણી-લાકડીયા, મોબાઈલઃ ૯૮૨૦૪૭૦૦૦૫.
(J-91545){3-3}

### દેવલાલીમાં અષ્ટાપદમાં ફ્લેટ

કલાપૂર્ણમની સામે અષ્ટાપદમાં સરસ હવા-ઉજાસવાળા, પહેલે માળે બે ફ્લેટ વેચવા છે. લિફ્ટવાળી બિલ્ડીંગ, 2 BHK. ખીમજીભાઈ ગાલા-9822000670.
(J-91545){3-4}

### શિખો લીના નંદુનો પ્રોફે. કેક કોર્સ

(જોગેશ્વરીમાં) સ્ટેની બાજુમાં-ઈસ્ટ, બેચ તા. 15, 16, 17 March ના ડિઝાઈનર કેક્સ, બધા ફ્લેવરમાં, ઓવન વગર/સાથે/ ફ્રેશ ક્રિમ આઈસિંગ, ચોકલેટ, આઈસિંગ, જેલ આઈસિંગમાં શિખો કેક્સ. ટેક્નિકલ નોલેજ સાથે કપ કેપ, બ્રાઉનીઝ પણ શિખો. YUMMY, TASTY અને NEW ડિઝાઈનમાં શિખો. ફુલ પ્રેક્ટીસ સાથે ટા.: ૨ થી ૫. નામ લખાવી લેવા. Cake ના ફોટા જોવા Whatsatpp કરો. સંપર્ક : 9833613445.
(J-91544){4-5}

### કુંડલી મેળાપક, વૈવાહિક સમસ્યા?

લગ્ન પહેલાના સચોટ કુંડલી મેળાપક, પ્રેમવિવાહ, લગ્ન વિલંબ, વિવાહયોગ ક્યારે? લગ્ન પછીની વૈવાહિક સમસ્યા અણબનાવ, મતભેદ, છુટાછેડા, વંધ્યત્વ વિગેરેના સ્પેશીયાલીસ્ટ કચ્છના કાબેલ અનુભવી જ્યોતિષીઃ (ડો.) વિશનજી નાનજી જૈન વય-૮૦. બિદડા-પુનાનો સંપર્ક બપોરે ૪-૫, સાંજે ૮-૯, ફોનઃ 020-24261017 કુંડલીઓ મોકલવાની નથી. ફોન પર જ જન્મ સમય, ટાઈમ, સ્થળ, ઊંચાઈ, શિક્ષણ લખાવવું. જવાબ ફોન પર જ મળી જશે. જવાબ પહેલા ધર્માદાની વ્યાજબી ફી બેંકમાં ભરવાની રહેશે. (J-91483){3-6}

### દેશ વિદેશ કુરીયર 24* 7

યુનિવર્સિટી Application ફોર્મ, Documents, Medicine, કુરીયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample/Freight Economic/Express Service થી મોકલવા લાવવા અનુજ સંગોઈ (નાંગલપુર)ને ફોન કરો. Free Pick up Service. PAC N DELIVER T.: 39698399, M.: 9323673747 anuj@pacndeliver.com 20 Years of Quality Service.
(M-17798){3-7}

### ગોરેગામ (વેસ્ટ) પ્લાયવુડ દુકાન ભાડા પર

એમ.જી. રોડ પર મેન માર્કેટ એરીયામાં ડબલ ગાળાની રનિંગ પ્લાયવુડ દુકાન ભાડા પર આપવી છે. ગ્રાઉન્ડ+ ફસ્ટ ફ્લોર, ગ્રાઉન્ડ એરીયા ૧૩૦૦ ફુટ+ ફસ્ટ ફ્લોર એરીયા ૮૦૦ ફુટ. મો.નં.: ૯૮૭૦૧૦૨૧૦૦-શામજીભાઈ ગીંદરા. (M-17710){3-8}

## જીવદયા

### જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ)
### આભાર માને છે

૨૪૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન મંડળ-મલાડ પૂર્વ (જીવ છોડામણી ખાતે), ૧૬૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ-ભચાઉ હાલે ઘાટકોપર, ૧૩૫૦૦/- શ્રી મનસુખલાલ પોમશીભાઈ શેઠ-જેસડા/તારદેવ, ૧૧૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન મંડળ-મલાડ પૂર્વ (ઘાસચારા નિભાવ માટે), ૧૦૦૦૧/- એક જીવદયાપ્રેમી પરિવારની દાનપેટીમાંથી-ગોરેગાંવ પૂર્વ, ૫૧૦૦/- અ.સૌ. અમૃતબેન વસનજી ભીમશી છાડવા-સુવઈવાલા તરફથી ચિ. આકાશના શુભ લગ્ન પ્રસંગે. ૫૦૦૦/- માતુશ્રી વેલુબેન દેવરાજ મુરજી વધાણ-આધોઈ હાલે સાંતાક્રુઝ. શ્રી સંઘના સર્વે શ્રાવક-શ્રાવિકાઓ તથા ઉદારદિલ દાતાશ્રીઓને ૭૧૭૧ અબોલ પશુઓ વતી શુભ આશિર્વાદ પાઠવીએ છીએ. આપના દાન માટે મુંબઈમાં સંપર્ક અમૃતભાઈ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮. લિ. મંત્રી. (J-91554-){3-9}

### શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ)
### અનુમોદના સહ આભાર

રૂા. ૫૦૦૦૦/- (પચાસ હજાર પુરા) શા. મણીલાલ હીરજી ગાલા (ઝાલાણી)-સામખીયારી હાલ જોગેશ્વરી નિવાસી દાતાશ્રી તરફથી લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં અનુદાન આપેલ છે. બીજા કોઈ પ્રકારની ઉજવણી ન કરતા જીવદયામાં દાન આપીને જે ભાવના રાખી છે તે અનુકરણ કરવા યોગ્ય છે. આપની જીવદયાની ભાવનાની હાર્દિક અનુમોદના સહ ધન્યવાદ સાથે ૭૧૭૧ અબોલ પશુઓ વતી શુભ આશિર્વાદ પાઠવીએ છીએ. સુશ્રાવિકા શ્રીમતી શાંતાબેન તેમજ આપનું જીવન સુખશાંતિમય રહો અને આ રીતે જીવદયાના કાર્ય માટે દાન આપતા રહો એવી હાર્દિક શુભેચ્છા સહ ધન્યવાદ અને આભાર. સૌને યથાશક્તિ દાન માટે વિનંતી છે. આપના અનુદાન માટે મુંબઈમાં સંપર્કઃ અમૃતભાઈ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮. લિ. મંત્રી. (J-91554){3-10}

## શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન ચેરીટેબલ ટ્રસ્ટને મળેલ અનુદાનની યાદી

| | |
|---|---|
| ૨૫૦૦૦/- | ગામ-સુવઈના અ.સૌ. પુષ્પાબેન તરૂણ છેડાના સુપુત્ર ચિ. અંકિતના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦૦/- | ગામ-સુવઈના શ્રી મહેન્દ્ર રતનશી હેમરાજ વિસરીયાના સુપુત્ર ચિ. રાજુલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૧૦૦/- | ગામ-સુવઈના અ.સૌ. કિરીટ હરખચંદ જુઠાલાલ સત્રાના સુપુત્ર ચિ. રોમિલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૧૦૦૦/- | ગામ-વણોઈના શ્રી નવીન રતનશી પ્રેમજી ગાલાની સુપુત્રી ચિ. ખુશ્બુના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૧૦૦/- | ગામ-ઘાણીથરના શ્રી જયંતીલાલ ભારમલ ગાલાના સુપુત્ર ચિ. કેવલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૦૦૦/- | ગામ-લાકડીયાના શ્રી પોપટલાલ કરમશી નંદુની સુપુત્રી ચિ. દિશાના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૧૦૦/- | ગામ-સુવઈના શ્રી પ્રેમજી લાખા ગાલાના સુપુત્ર ચિ. સમીરના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦/- | ગામ-નૂ. ત્રંબૌના શ્રી મુકેશ દયાલાલ નંદુની સુપુત્રી રિકીના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦/- | ગામ-મનફરાના અ.સૌ. વિમલાબેન જયંતીલાલ ગાલાના સુપુત્ર ચિ. ભાવિકના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦/- | ગામ-મનફરાના અ.સૌ.કવિતાબેન વસંત કરશન સત્રાની સુપુત્રી ચિ. જીનીશાના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૮૧૦૦૦/- | ગામ-આધોઈના અ.સૌ. પાર્વતીબેન દામજી મુરજી ભચુ નિશરના સુપુત્ર ચિ. આશીષના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૧૦૦૦/- | ગામ-લાકડીયાના શ્રી ચુનીલાલ પદમશી શાહની સુપુત્રી ચિ. જીલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૦૦૦/- | ગામ-ગાગોદરના શ્રી જયંતીલાલ દામજી નિસરની સુપુત્રી ચિ. ઉર્વશીના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૨૫૦૦/- | ગામ-લાકડીયાના અ.સૌ. પ્રભાબેન પ્રવિણ ગાલાના સુપુત્ર ચિ. કુશના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૬૪૦૦/- | ગામ-લાકડીયાના અ.સૌ. સંગીતાબેન કાંતીલાલ શાહની સુપુત્રી ચિ.જીલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૧૦૦૦/- | ગામ-લાકડીયાના અ.સૌ. ધનવંતીબેન રમણીક નાગશી છેડાના સુપુત્ર ચિ. રૂષભના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૧૦૦૦/- | ગામ-લાકડીયાના અ.સૌ. તેજલબેન ચુનીલાલ ગાલાની સુપુત્રી ચિ. પૂજાના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૦૦૦/- | ગામ-ઘાણીથરના અ.સૌ. પ્રભાબેન મણીલાલ ગાલાના સુપુત્ર ચિ. મયૂરના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૦૦૦/- | ગામ ભચાઉના અ.સૌ. દિવાળીબેન જયંતીલાલ છેડાની સુપુત્રી ચિ. હિરલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૦૦૦/- | ગામ-ભચાઉના અ.સૌ. મીનાબેન તલકશી ફુરિયાના સુપુત્ર ચિ. નિકુંજના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦/- | ગામ-ભચાઉના અ.સૌ. મુક્તાબેન હસમુખ ગડાની સુપુત્રી ચિ. નીતિના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૧૦૦/- | ગામ- ભચાઉના શ્રી પ્રકાશ વેલજી સતરાની સુપુત્રી ચિ. વૃત્તિના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૨૦૦૦/- | ગામ-મનફરાના અ.સૌ. મીનાબેન લક્ષ્મીચંદ દામજી સાવલાના સુપુત્ર ચિ. સિધ્ધાંતના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૨૫૦૦/- | ગામ-સામખીયારીના અ.સૌ. શાંતીબેન રમેશ વિરમ છાડવાની સુપુત્રી ચિ. ફોરમના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૨૫૦૦/- | ગામ-સામખીયારીના અ.સૌ. શાંતીબેન દેવજી સામંત ડાઘાના સુપુત્ર ચિ. રોબીનના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૨૫૦૦/- | ગામ-સામખીયારીના અ.સૌ. કલ્પનાબેન દિપક લખમશી ગાલાની સુપુત્રી ચિ. ગ્રીષ્માના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૦૦૦/- | ગામ-ગાગોદરના શ્રી ભરત નાથાલાલ ફુરિયાના સુપુત્ર ચિ. વિરલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦/- | ગામ-સામખીયારીના શ્રી નેમચંદ અરજણ છેડાની સુપુત્રી ચિ. લવિંગાના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૨૫૦૦/- | ગામ-ખારોઈના અ.સૌ. કસ્તુરબેન લખમશી ખેતશી નિસરના સુપુત્ર ચિ. પારસના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૨૫૦૦/- | ગામ-સામખીયારી અ.સૌ. અમિતાબેન કાંતીલાલ કરમશી ગડાની સુપુત્રી ચિ. પાયલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦૦/- | ગામ -રવના શ્રી દામજી નાથાભાઈ ગાલાના સુપુત્ર ચિ. કેવલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦૦/- | ગામ -સુવઈના શ્રી હસમુખ લખમશી મોતાની સુપુત્રી ચિ. વૃત્તિના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૧૦૦૦/- | ગામ -રવના શ્રી નેમચંદ ભીમશી છેડાની સુપુત્રી ચિ. શીતલના લગ્ન પ્રસંગ નિમિત્તે |
| ૫૦૦/- | ગામ -રવના શ્રી પ્રદિપ કરશન ભુરા ગાલાના સુપુત્ર ચિ. મોમીશના લગ્ન પ્રસંગ નિમિત્તે |

**આપેલ દાન બદલ ઉપરોક્ત દાતાઓનો સંસ્થા ખૂબ-ખૂબ આભાર માને છે.** (M-0)




ANTARA

**Flagship Store:** Navin Asha, DSP Road, Dadar (E), Mumbai. Tel.: +91 22 2417 5565
**Branch Store:** Factory Lane, Borivali (W), Mumbai. Tel.: +91 22 2898 5565

www.antarajewellery.com | Follow us: **Closed on Mondays**

(M-17784)

|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ||

|| શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિભ્યો નમઃ ||

# શ્રી ભચાઉ વિશા ઓસવાળ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

ઉપરોક્ત શ્રી સંઘ મધ્યે અધ્યાત્મયોગી આ.ભ.શ્રી કલાપૂર્ણસુરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ-સુરીશ્વરજી મ.સા. અને પ.પૂ.આ.ભ. કલ્પતરૂસુરીશ્વરજી મ.સા.ના આશિર્વાદથી પ.પૂ. સાધ્વીજી ભગવંત શ્રી મદનરેખાશ્રીજી મ. સાહેબ આદી ઠાણા-૩નું સવંત ૨૦૭૩નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે તો શ્રી સંઘના દરેક આરાધક ભાઇ-બહેનોએ આરાધના કરવા સ્થાનિકે પધારવા નમ્ર વિનંતી.

પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ. કલાપ્રભસૂરિશ્વરજી મ.સા. અને પ.પૂ. આ.ભ. કલ્પતરૂસૂરિશ્વરજી મા.સા.નું ચાતુર્માસ પ્રવેશ સાતલપુર નગરે **અષાઢ સુદ-૨, રવિવાર તા. ૨૫-૦૬-૨૦૧૭** ના છે.

આપણા શ્રી સંઘમાં પ.પૂ. સાધ્વીજી ભગવંત મદનરેખાશ્રીજી આદિ ઠાણા-૩નું ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ-૦૩, તા. ૨૬-૦૬-૨૦૧૭**ના છે

ઉપરોક્ત બન્ને પ્રસંગે મુંબઇથી ભચાઉ નગરે શ્રી સંઘ સ્વરૂપે, **તા. ૨૩-૦૬-૨૦૧૭ શુક્રવાર**ના જવાનું નક્કિ કરેલ છે. જે ભાગ્યશાળી દાતાની સંઘપતિ બનવાની ભાવના હોય તેમણે (સંપૂર્ણ ખર્ચથી) **તા. ૧૨-૦૩-૨૦૧૭** સુધીમાં નીચે દર્શાવેલ ભાઇઓના મોબાઇલ નંબર ઉપર અથવા રૂબરૂ સંપર્ક સાધવો.

(૧) શ્રી ભીમશીભાઇ રતનશી કારીયા : 98673 44422
(૨) શ્રી જખુભાઇ મણશી છેડા : 98201 54560
(૩) શ્રી કાંતીલાલ વીરજી નંદુ : 98213 66420

લિ. મંત્રીશ્રીઓ :

**શ્રી જખુભાઇ મણશી છેડા, શ્રી કાંતીલાલ વીરજી નંદુ**

(M-17799)



**Bhanu Estate Agent**

At Metro-1 (Pratap), Versova (Andheri-West)

1st Slab Completed

અન્ડર કન્સ્ટ્રક્શન

• Carpet Area •

**SHOP** OUT RIGHT થી ઉપલબ્ધ છે

• 153 • 263
• 286 • 398

Full CC Received

**હરેશ નાગજી વોરા - 98211 60529 / 022 - 2833 5037**

**મુંબઇના કોઇપણ વિસ્તારમાં દુકાન વેચાણથી કે ભાડેથી આપવા-લેવા માટે સંપર્ક કરો...**

(M-17783)

# "ચાલો વાગડની સન્નારીઓ સમૃદ્ધિની ઓર, આપણું નામ કરીએ વિશ્વની ચારે કોર"

## સમાજની તમામ મહિલાઓને આજે મહિલા દિનની શુભકામના


મધર ટેરેસા


ઈંદિરા ગાંધી


પ્રતિભા પાટીલ


કલ્પના ચાવલા


કિરણ બેદી


બચેન્દ્રી પાલ


અન્ના મલ્હોત્રા


હરિતા કૌર દેઓલ


પ્રિયા ઝીંગાન


નીરજા ભનોત

આપણા સમાજની વાત કરીએ તો આપણા સમાજ પ્રત્યે મને અપાર ગર્વ છે. અન્ય સમાજમાં જ્યાં મહિલાઓ પ્રત્યે જે ભેદભાવ રાખવામાં આવે છે એવો ભેદભાવ આપણા સમાજમાં ક્યાંય નથી. મહિલાઓને જે સમોવડીયા તરીકેની પહેલ આપણા સમાજ દ્વારા કરવામાં આવેલ છે તે આપણે મહિલાઓના માટે ગર્વની વાત છે. સમાજની ઘણી મહિલાઓએ વિવિધ કાર્યોમાં પોતાની છાપ છોડી છે. મારા મત પ્રમાણે આપણા સમાજની મહિલાઓએ હજી પોતાની પ્રતિભા બતાવવા આગળ આવવું જોઈએ. એમના કાર્યક્ષેત્રથી આગળ હજી બીજા ઘણા ક્ષેત્રો છે જ્યાં આપણે પોતાની છાપ છોડી શકીએ છીએ.

ક્યારેક એવું લાગે છે કે મહિલાઓને અબળા સમજનાર પુરૂષ પ્રધાન સમાજ માં મહિલાઓના કાર્યોની જો યાદી તૈયાર કરવામાં આવે તો એક ચિત્ર સ્પષ્ટ થઈ જશે કે આપણા દેશની મહિલાઓ ક્યાંય પુરૂષોથી પાછળ નથી.

**મધર ટેરેસા** : પહેલા ભારતીય નારી નોબેલ પુરસ્કાર વિજેતા

**ઈંદિરા ગાંધી** : ભારતના પહેલા મહિલા વડાપ્રધાન. જેમને બી.બી.સી. દ્વારા કરવામાં આવેલ સર્વેમાં વુમન ઓફ ધ મિલેનિયમ આમથી નવાજવામાં આવ્યા.

**પ્રતિભા પાટીલ** : ભારતના પહેલા મહિલા રાષ્ટ્રપતિ

**કલ્પના ચાવલા** : ભારતની પહેલી નારી અંતરીક્ષમાં પગ મૂકનાર

**કિરણ બેદી** : ૧૯૭૨ મા આઈ.પી.એસ. બનનાર ભારતના પહેલા મહિલા ઓફિસર યુ.એન મા પહેલા સીવીલ પોલીસ ઓફિસર

**બચેન્દ્રી પાલ** : ૧૯૮૪ મા પહેલા ભારતીય નારી જેમણે માઉન્ટ એવરેસ્ટ સર કર્યો

**અન્ના મલ્હોત્રા** : ભારતના પહેલા આઈ.એ.એસ. ઓફિસર

**હરિતા કૌર દેઓલ** : ઈન્ડિયન એર ફોર્સના પહેલા પાયલોટ

**પ્રિયા ઝીંગાન** : ૧૯૯૩માં ભારતીય ફોજમાં ભરતી થનાર પહેલા ભારતીય નારી

**નીરજા ભનોત** : ૩૮૦ મુસાફરો માટે પોતાના જીવનનું બલિદાન આપનાર એ બહાદુર નારી જેને અમેરીકા પણ સલામ કરે છે.

આવી તો અગણિત મહિલાઓ જેમણે દેશ-વિદેશમાં ભારતનું નામ રોશન કર્યું છે. જો ભારતની સંપૂર્ણ નારી શક્તિનું વર્ણન કરવા બેસીએ તો કદાચ આખા વરસની પત્રિકામાં દેશની નારી છવાયેલ રહેશે.

ભારત સરકાર દ્વારા મહિલાઓ માટે વિવિધ યોજનાઓ કાર્યરત છે. પોતાના કાર્યકૌશલ પ્રમાણે નાના મોટા ઉદ્યોગ ધંધા માટેની યોજનાઓ, ભણતર યોજનાઓ, સુકન્યા યોજના, સિંગલ મહિલા બેનીફીટ સ્કીમ, વિવિધ સબસીડી યોજનાઓ, ૨૦૧૩માં શરૂ થયેલ ભારતીય મહિલા બેંક દેશની ૪૫ શાખાઓમાં જ્યાં ત્યક્તા અને સમાજથી વિમુખ મહિલાઓને કામ કરવા લોન આપે છે.

મહિલા ઉધમ નિધી દ્વારા ચલાવવામાં આવતી સબસીડી યોજનાઓ. આવી કેટલીયે યોજનાઓ જેનાથી નારી સ્વાવલંબી બની શકે છે જે અત્યારે કાર્યરત છે.

હું આપણા સમાજની તમામ મહિલાઓને પોતાની પ્રતિભા દેખાડવા માટે આગળ આવવાનું આવાહન કરું છું. આપણા સમાજની જેટલી મહિલાઓ કે નારી સંગઠનો જે કોઈ કંઈક કરવાનો મનોરથ આપની પાસે હોય તો મારી પાસે આવો હું આપ સહુ સાથે છું. સમાજને ઉપયોગી કાર્યો કે મહિલા ઉત્કર્ષના કાર્યો હોય આપણે મજબૂત સંગઠન બનાવી સમાજને નવી રાહ બતાવશું.

**લિ. હંસા પપીન માલશી ચરલા (આધોઈ) : ૯૯૮૭૦૮૮૦૦૪**

**- વાગડની નારી - સૌથી ન્યારી...**

(J-91555)

---

॥ નમોઃ નમઃ શ્રી ગૌવમુખ યક્ષાયઃ ॥ ॥ નમો નમઃ શ્રી ઋષભ દેવાય ॥ ॥ નમો નમઃ શ્રી માણીભદ્રાય ॥ ॥ શ્રી કલાપૂર્ણોસ્તુ મંગલમ ॥

# શ્રી હલરા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘનું ભાવભર્યું આમંત્રણ

"આજ આનંદ અંગઅંગ જાગ્યો, શ્રી હલરા નગરે ગુલાલ રંગ લાગ્યો"

શ્રી ગુરૂ ગૌતમ સ્વામીની પંચમ પીઠીકા પર્વોત્સવ પ્રસંગ અમારે આંગણે આવી રહ્યો છે.

હેતભર્યો શ્રી હલરા નગરે પ.પૂ.આ.ભ. શ્રી વિજય કુમુદચંદ્ર સૂરીશ્વરજી મ.સા. સૂરીમંત્રના પંચમ સ્થાને

**દિવ્ય આશિષ :- આ.યો. પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી**

**સાધના સાનિધ્ય :- સૂરીમંત્ર આરાધક પ.પૂ.આ. ભગવંત શ્રી વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી**

**મંગલ આશીર્વાદ :- ગચ્છાધિપતિ મધુરભાષી પ.પૂ.આ.ભ. વિજય કલાપ્રભસુરીજી**

પૂજ્યશ્રીનો પીઠીકામાં મંગલ પ્રવેશ ફાગણ સુદ - ૧૨ ગુરૂવારના ૯-૦૩-૨૦૧૭ પ્રાતઃ ૬ વાગે

પીઠીકા પૂર્ણાહુતી પૂજન તથા માંગલીક વાસક્ષેપ ફાગણ વીદ - ૧૧ શુક્રવારના ૨૪-૦૩-૨૦૧૭ પ્રાતઃ ૬ વાગે પીઠીકા તથા દિક્ષાર્થી અમૃતબેન અને જખુભાઈની શોભા યાત્રા તા. ૨૫-૦૩-૨૦૧૭ સવારના.

સમસ્ત જૈન સંઘો, હલરાવાસીઓ, વાગડવાસી ભાઈઓ બહેનો, ગુરૂભક્તો પધારો-પધારો-પધારો

જ્યાં આજે અમારા વર્ષોના સેવેલા સપના સાકાર થયા છે, જ્યાં આજે ભાવેલા મનોરથ ફળ્યા છે, જ્યાં આજે કલ્પના પણ ઓછી ઊતરે એવા અદભૂત પ્રસંગ અમારા આંગણે પ્રથમવાર આવી રહ્યા છે. વાગડ સમુદાયના સૌ પ્રથમ સૂરીમંત્રની પીઠીકાની સાધના કરનાર પ.પૂ.આ.ભ. શ્રી વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની ગુરૂગૌતમ સ્વામીની પંચમ પીઠીકા સાકાર થવા જઈ રહી છે હલરા નગરે પધારો-પધારો-પધારો...

**તા.ક. હલરા સ્થાનિકે, તા. ૦૯-૦૩-૨૦૧૭ થી ૨૫-૦૩-૨૦૧૭ સુધી ત્રણેય ટાઈમ જમણવાર રસોડે પધારેલ સર્વે ભાવિકો માટે શ્રીમતી દમયંતીબેન ધનજી લાલજી છેડા તરફથી ચાલુ રહેશે.**

## લિ. શ્રી હલરા મૂ. પૂ. જૈન સંઘ ટ્રસ્ટીગણ


પિતાશ્રી રામજી લખમશી છેડા

CJ CHHEDA JEWELLERS

પત્રીકા સૌજન્ય:

**છેડા જ્વેલર્સ**

વિલેપાર્લા (ઇસ્ટ)


માતુશ્રી ગંગાબેન રામજી છેડા

(M-17797)













શ્રી મહાવીરાય નમઃ    સ્થાપના : તા. ૨.૨.૨૦૧૩    શ્રી ગણેશાય નમઃ

# જીવદયા મંડળ અંધેરી – જોગેશ્વરી

Add. : 1202, Minal Tower, Opp. Jain Hospital, Off. P. P. Road, Nagardas Road, Andheri (e), Mumbai - 69. Email : jmaj2013@gmail.com

## ચોથી વર્ષગાંઠ નિમિત્તે પુણ્યની પિકનીક પાલઘર ગૌશાળાની મુલાકાત.

જીઓ ઓર જીને દો    જીઓ ઓર જીને દો

## આભાર ... ક્ષમા ... અપેક્ષા .....

## અમો આભારી છીએ ..

અમારા આમંત્રણને માન આપીને પધારેલ અતિથી વિશેષશ્રીઓ
શ્રી અમરશી ગોકળ ગડા (સામખીયારી-બોરીવલી), શ્રી દામજી જીવરાજ ગાલા (ઝાલાણી) લાકડીયા-ચીરા બજાર
અરૂણાબેન હંસરાજ ગડા (લાકડીયા -અંધેરી), ઉષાબેન નેમચંદ ગડા (શિવલખા-અંધેરી)
તેમ જ વિશેષ ઉપસ્થિતિ શ્રી હરિલાલ ભચુભાઇ રીટા (લાકડીયા-ગોરેગામ)ના..
અમારા આમંત્રણને માન આપીને પધારનાર આમંત્રિત મહેમાન શ્રી રસીકભાઇ પ્રેમજી નિસર, જયંતિલાલ ધનજી રીટા,
મનોજભાઇ દિનેશ ગોગરી,હેમરાજભાઇ પુંજા ગાલા,વિનોદભાઇ રણમલ ગડા
અમૃતલાલ નાંઇયા નિસર,કાંતિભાઇ શામજી કારીયા,રમણીકભાઇ જખુ નંદુના
અમારા મંડળને હંમેશા સાથ સહકાર આપનાર શ્રી અમરશીભાઇ ગુણશી સત્રા (TOP-10)અને શ્રી અરવિંદભાઇ ગુણશી સત્રા (THE TIME)ના
અમારા આમંત્રણને માન આપી પધારીને ચાર ચાંદ લગાડનાર  તારે જમીન પર ગ્રુપના દિવ્યાંગ બાળકો અને તેમના વાલીઓના
અમારા મંડળના પ્રિન્ટીંગ કામ માટે સહયોગી શ્રી કાંતિલાલ શામજી કારીયા (પેપર સેન્ટર),શ્રી પ્રવિણભાઇ રતનશી ગાલા (સ્ટાર ડીઝીટલ પ્રીન્ટ)તેમજ A TO Z ડીઝીટલ પ્રીન્ટના સંચાલકોના...
સંપૂર્ણ દિવસના જમણવારના દાતામાતુશ્રી લીલાબેન ગુણશી દુદા સત્રા પરિવાર હસ્તે અમરશીભાઇ અને અરવિંદભાઇ (ભરૂડીયા - અંધેરી)ના ...
લીલા ઘાસચારા ગાડીના દાતા માતુશ્રી રામુબેન વાલજી કારીઆ , દેવકાબેન માવજી વાલજી કારીઆ પરિવાર (શિકરા-અંધેરી)
ગાયને રોટલીના દાતા : માતુશ્રી લક્ષ્મીબેન નોંઘા ખુથીયા પરિવાર ભચાઉ,માતુશ્રી અમૃતબેન ચાંપશી માલશી કારીયા પરિવાર (ભચાઉ),માતુશ્રી પદમાબેન ગુણશી હીરજી સાવલા પરિવાર (સામખીયારી)ના...
ડેકોરેસન તેમ જ અનુકંપાદાનના દાતા માતુશ્રી લક્ષ્મીબેન ભાણજી કારીયા પરિવાર (લાકડીયા-અંધેરી)ના...
બે બસના ઉદારદિલ દાતા માતુશ્રી પાંચીબેન બાબુલાલ ગડા  હસ્તે નયનાબેન સંદીપ ગડા (સામખીયારી-અંધેરી)ના..
બે બસના ઉદારદિલ દાતા માતુશ્રી દિવાળીબેન અમરશી ગડા  હસ્તે મીનલબેન કિર્તીભાઇ ગડા (લાકડીયા-અંધેરી)ના..
એક બસના ઉદારદિલ દાતા શ્રીમતી સાનુબેન અમૃતલાલ શાહ (ગાગોદર - અંધેરી)ના...
એક બસના ઉદારદિલ દાતા માતુશ્રી માનુબેન ચાંપશી વિસરીયા  હસ્તે ગીતાબેન રમેશ વિસરીયા (ભચાઉ-જોગેશ્વરી)ના...
ઇનામી લક્કી ડ્રોના દાતાશ્રીઓ શ્રીમતી મંજુલાબેન વેલજી કરસન ગાલા (ભચાઉ-અંધેરી)હસ્તે ચેતન વેલજી ગાલા શ્રીમતી પુષ્પાબેન મદનલાલ સોની (નારોલ-અંધેરી)ના...
ગૌશાળામાં ઘાસચારાની વ્યવસ્થા કરી આપનાર તેમ જ સંપૂર્ણ દિવસ મંડળના કાર્યને સહયોગ આપનાર જૈનમ ગ્રુપના સર્વે સેવાભાવી ભાઇઓના...
કલાપૂર્ણમ્ ગૌશાળા (પાલઘર)ના ટ્રસ્ટી શ્રી રાયચંદભાઇ પ્રેમજી છાડવા,મણીલાલભાઇ ભૂરાલાલ ગાલા,મહેન્દ્રભાઇ હરખચંદ ગિંદરાના...અમારા મંડળના તા.૨.૨.૨૦૧૬ થી તા.૨.૨.૨૦૧૭ (એક વર્ષના) પત્રીકા સૌજન્યના દાતા માતુશ્રી વિશાબેન ગોપાલ ગડા પરિવારના...
બસના પાસ માટેના ચારે સેન્ટરોના સંચાલકોના ....
જીવદયા મંડળ અંધેરી જોગેશ્વરીના વહેલી સવારે રોજીંદા જીવદયાના કાર્યોમાં સતત સેવા આપનાર તેમ જ ગૌશાળાના પ્રોગ્રામને સફળ બનાવનાર હોશીલા કાર્યકર્તાઓના ...
તેમ જ અમારા મંડળના આમંત્રણને માન આપીને પધારેલ સર્વે જીવદયા પ્રેમી ભાઇઓ,બહેનો,વડિલો અને નાના બાળકોના ...
અમારા મંડળને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સાથ સહકાર આપીને મદદરૂપ થનાર સર્વે નામી અનામી ભાઇઓ તથા બહેનોના ..

જીવદયા મંડળ અંધેરી જોગેશ્વરીની ૪ થી વર્ષગાંઠ નિમિત્તે થયેલ પુણ્યની પિકનીક દરમ્યાન અમારા મંડળના સર્વે અધિકારીગણ તથા
કારોબારી સભ્યોથી જાણતા-અજાણતા જો કોઇ ભૂલ  થઇ ગઇ હોય તો મિચ્છામી દુક્કડમ્
ભવિષ્યમા પણ આપના તરફથી આવોને આવો સાથ સહકાર મળતો રહે એવી અપેક્ષા સહ.......

લિ. જીવદયા મંડળ અંધેરી - જોગેશ્વરી  વતિ મંત્રીશ્રીઓ

(M-17802)

પત્રિકા સૌજન્ય



### માતુશ્રી ભમીબેન પ્રેમજી પુંજાભાઈ નીસર

PAGODA®
absolute dresscode















Add. by Sampurna Graphics - 9820218030

# ચોથી પૂણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



**મનફરા**
**( ઉંમર વર્ષ ૭૪)**

**દેહવિલય**
**તા. ૮-૩-૨૦૧૩**

# માતુશ્રી ધનીબેન રતનશી સુરજી દેઢિયા

**ભગવાન ભજવાથી મા મળતી નથી, પણ માને ભજવાથી ભગવાન જરૂર મળે છે.**

''**મા**'' એ જીવનદાતા છે, મા એ પ્રભુની પ્રતિનિધિ છે, **મા**એ એવી ઋતુ છે જેને કદી પાનખર નથી. મંદિરની શોભા ભગવાન છે, રાત્રિની શોભા ચંદ્ર છે. દિવસની શોભા સૂર્ય છે, છોડની શોભા ફૂલ છે. તો ઘરની શોભા '**મા**' છે. '**મા**' થી જગતમાં બીજું કાંઈ મોટું નથી. **મા** એટલી મોટી છે કે **માની મા** હોય તો પણ એને **નાની મા** કહેવાય. '**મા**'ને જગતમાં ભૂલશો નહિ અને ભૂલીને ભવમાં ભટકશો નહિ. એના ઋણનો બદલો ભૂલશો નહિ. એના દૂધનો કર્જ ચૂકશો નહિ. આ જીવનમાં એના તો મૂલ ઘણા, કોઈ મૂલ્યે એને મૂલવશો નહિ. એની સેવાનો અવસર ચૂકશો નહિ, એને ભૂલીને ભવમાં ભટકશો નહિ, એમના અનંત ઉપકારોનું ઋણ ક્યારેય અદા ન કરી શકાય એવા સ્નેહના સાગર, વાત્સલ્યના વડલા પૂજ્ય માતુશ્રીને કોટિ કોટિ વંદન અને ભાવભરી શ્રધ્ધાંજલિ ...

**ચોથી પુણ્યતિથિએ અર્પીએ આપને શ્રધ્ધાંજલિ...સ્વીકારજો અમ અંતરની ભાવભરી ભાવાંજલિ...**

**લિ. શ્રી રતનશી સુરજી માંઈયા દેઢિયા પરિવાર-મનફરા**

| | |
|---|---|
| સાસુ-સસરા | : સ્વ. હમીબેન સુરજી માંઇઆ દેઢિયા |
| માતા-પિતા | : સ્વ. આસઇબેન પુનશી રૂપશી સત્રા-મનફરા |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. વિજયાબેન રસીકલાલ રતનશી દેઢિયા<br>અ.સૌ. હંસાબેન નવીન રતનશી દેઢિયા<br>સ્વ. વિમળાબેન (ટીના) અને વિનોદ રતનશી દેઢિયા<br>શ્રી હરખચંદ રતનશી દેઢિયા |
| પુત્રી-જમાઇ | : અ.સૌ. ભારતીબેન મહેશ ધનજી છેડા-ભચાઉ |
| પૌત્ર-પૌત્રવધુ | : અ.સૌ. દિપાલી નીરવ રસીકલાલ દેઢિયા<br>અ.સૌ. અંજલી સાહિલ નવીન દેઢિયા |
| પૌત્રી-પૌત્રી જમાઇ | : અ.સૌ. નેહલ પ્રતિક સુરેન્દ્ર માણેક<br>અ.સૌ. કિંજલ નિખીલ જયંતિલાલ છેડા |
| પૌત્ર-પૌત્રી | : ધવલ, ધારા નવીન દેઢિયા<br>ઋષભ, હાર્દિક વિનોદ દેઢિયા |
| પરપૌત્ર | : પ્રણીત નીરવ રસીકલાલ દેઢિયા |
| દોહિત્ર-દોહિત્રી | : કુંજન, વિરાજ મહેશ છેડા |

(J-91537)

# ચોથી વાર્ષિક પુણ્યતિથી શ્રદ્ધાંજલિ



# પુણ્યશ્લોકી સ્વ. પાલણભાઈ જગશી બૌવા

*ગામ : વણોઈ ★ વસમી વિદાય : ૦૮-૦૩-૨૦૧૩ ★ મુંબઈ-ગોરેગામ*

*"સુખ-દુઃખમાં સદાય હસતા રહ્યા,*
*સ્નેહથી સૌના હૈયે વસતા રહ્યા,*
*જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયને સ્પર્શી ગયા."*

**આપના પરિવારજનો**

**માતુશ્રી સ્વ. ભમીબેન જગશી કોરશી બૌવા પરિવાર**

**ધર્મપત્ની : ગં.સ્વ. કેસરબેન પાલણ જગશી બૌવા**

✻પુત્ર-પુત્રવધૂ : **અ.સૌ. આરતીબેન રમેશ પાલણ બૌવા**
**અ.સૌ. સંગીતાબેન મહેશ પાલણ બૌવા**

✻પુત્રી-જમાઈ : **અ.સૌ. નયનાબેન પ્રવિણ પાલણ છાડવા**
**અ.સૌ. રેખાબેન દિનેશ કેશવજી ગાલા**

✻પૌત્ર : **દિશિત, કેવલ** ✻પૌત્રી : **મૈત્રી, ધિયા, નિરવી**

✻દોહિત્ર : **હર્ષલ** ✻દોહિત્રી : **નિશિતા, ભૂમિકા, અવધી, મનસ્વી, તિથી**

(J-91523)

## રંગભરી પિચકારીઓ સાથે આવી ટોળી : 'ક્લાસિક વિઝન'ના લેન્સીસ પહેરી રમો હોળી

હોળી-ધૂળેટી આનંદ-મસ્તીના અવસર. એમાં તમારાં ચશ્માં અંતરાય બને તે કેમ ચાલે? ધૂળેટીના રંગો તમારાં ચશ્માં બગાડી શકે. તો આવો 'ક્લાસિક વિઝન'માં, અમારા ડેઈલી ડિસ્પોઝેબલ સુપર સોફ્ટ કોન્ટેક્ટ લેન્સીસની શ્રેણીમાંથી પસંદ કરવા U.S. FDA-Approved johnson & Johnson, Bausch + Lomb અને Alcon બ્રાન્ડસના આ કોન્ટેક્ટ લેન્સીસ તમને પહેરવા ગમશે. આ લેન્સીસ તમારી આંખોની ભીનાશને લોક કરી દેશે. એટલું જ નહીં અમારી આંખોને જરૂરી પ્રાણવાયુ (ઓક્સિજન) પણ મળી શકશે. એક જોડીના માત્ર રૂપિયા ૯૦/-ની કિફાયતી કિંમતનાં આ કોન્ટેક્ટ લેન્સીસ રંગે રમ્યા પછી તમને ફેંકી દેવા પરવડશે.

તમારો રંગે રમવાનો ઉમંગ અકબંધ રાખવા આજે જ 'ક્લાસિક વિઝન'માં પધારો અને તમારી ધૂળેટીને યાદગાર બનાવો.

**ચશ્માંનો શો-રૂમ કોન્ટેક્ટ લેન્સ ક્લિનિક, ફ્રેમ સિલેક્શન પ્રોગ્રામ, કોમ્પ્યુટર પર આંખ તપાસણી, ફ્રેમ્સ અને લેન્સીસના નિષ્ણાત**

Since 1998 THE STYLE, THE LOOK, THE COMFORT

Classic Vision®

The last word in eye-care and eye-wear

તમારી આંખોની બારી : અમે જતનથી શણગારી

મલાડ : એસ.વી.રોડ, ટેલીફોન એક્સચેન્જની સામે, મલાડ (વેસ્ટ), મુંબઈ-૬૪. ફોન : ૦૨૨-૨૮૮૨૦૯૯૧

વિલેપાર્લે : સહજીવન, એમ.જી.રોડ, રામ મંદિરની સામે, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ - ૫૭. ફોન : ૦૨૨-૨૬૧૫૨૨૨૫ ૦૨૨-૨૬૧૩૯૩૨૪

Pro-Partner : Classic® Attire MEN'S & WOMEN'S WEAR

Email : classicvision@hotmail.com

ઉમેશ ભચુ દેઢિયા, ચેતન ઉમેશ દેઢિયા, તેજશ ઉમેશ દેઢિયા - મનફરા

(A-91146)



Course is for Jain Cooking also

Ur daughter has a successful career but is not well versed with kitchen work? Here's the solution!



Get her trained by

**SHEETAL CHHEDA**

(10 years experienced and trainer of more than 1500 girls)

**1 MONTH COMPLETE KITCHEN TRAINING COURSE**

(With Practical Training)

Learn all different and many items from Morning Tea-snacks to Evening Dinner

Subject : Kitchen Storage, Menu Planning, Balance Diet, Table Etiquette, Budgeting, Table Layout etc. SPECIAL LECTURE ON HOME MANAGEMENT

- Beverages, Mocktails
- Soups, Salads
- Gujrati Cusine
- Marvadi Cusine
- Kids Cook Food
- South Indian Food
- Maharshtrian Food
- Amachi Mumbai Sp.
- Punjabi Food
- Chinese
- Italian
- Mexican
- Desserts
- Continental
- and many more

Dates for Vacation Batch: 20th March to 15th April, 17th April to 13th May, 15th May to 10th June, 12th June to 8th July

સં.શીતલ છેડા (ગોધરા-માટુંગા) - 9819942599.

SPICE - N - ICE. દરેક બેચમાં વહેલા તે પહેલાના ધોરણે મર્યાદીત સીટ.

(J-91531) NEEL PARI - 9322299742


## શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ -એમ.જી.રોડ ગોરેગામ (વેસ્ટ)

સંચાલિત

## માતુશ્રી મોંઘીબેન સામત સાંગણ ગાલા (ભચાઉ) ધર્મસ્થાનક

લીંબડી અજરામર સંપ્રદાયના આ.દેવ શ્રી રૂપ નવલ - રામ ગુરુદેવના કૃપાપાત્ર શુશિષ્ય પ.પૂ.આ.ભગવંત શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીના સુશિષ્યો પૂ.ધનેશચંદ્રજી સ્વામી,પૂ.આગમચંદ્રજી સ્વામી,પૂ.જિનાંશચંદ્રજી સ્વામી , પૂ.યુગાંશચંદ્રજી સ્વામી આદિ ઠાણા - ૪ આપણા શ્રી સંઘમાં ચાતુર્માસ પખીની આરાધના કરાવવા પધાર્યા છે.ચાતુર્માસ પાંખી નિમિત્તે પોલા અઠ્ઠમ અને રત્નત્રયીય એકાસણાની આરાધનામાં જોડાવવા સહુને નમ્ર વિનંતિ.તા. ૧૦,૧૧,૧૨ ,શુક્ર-શનિ-રવિ પોલા અઠ્ઠમ અને એકાસણાના નામ પૂ.મહારાજ સાહેબ પાસે લખાવવા નમ્ર વિનંતિ છે.તપ ત્યાગ દ્વારા આપણે આપણા કર્મોની હોળી કરવાની છે તો ખાસ દરેકને સુચના કે સારી સંખ્યામાં લાભ લેવો.

દરરોજ વ્યાખ્યાન ચાલુ છે.સમય સવારે ૯.૩૦ થી ૧૦.૩૦

### જીવદયા ... જીવદયા ... જીવદયા

ઉપરોક્ત સંઘના જીવદયામાં આવેલ ફંડમાંથી નીચે મુજબની સંસ્થાઓને રકમ ફાડવવામાં આવેલ છે.તે સંસ્થાના પ્રતિનિધીઓ પાકી રસીદ આપી તા. ૯.૩.૨૦૧૭ અને તા.૧૦.૩.૨૦૧૭ (બે દિવસમાં) નીચેના એડ્રેસ પર લઇ જવા વિનંતિ.

એડ્રેસ : પ્રેમજી વેલજી નિસર,પ્રાઇમ માર્ટ , પદમાવતી કૃપા,એલ.ટી.રોડનં. ૨,એમ.જી.ગોરેગામ(વે)
સમય : ૧૨ થી ૨.૩૦ અને સાંજે ૭.૩૦ થી ૯ સુધી

- ૪૦૧૧૧૧/- શ્રી જીવદયા મંડળ ગોરેગામ (વે)
- ૧૦૦૦૦૦/- શ્રી કચ્છ-વાગડ લાકડીયા પાંજરાપોળ
- ૧૦૦૦૦૦/- શ્રી ભચાઉ પાંજરાપોળ
- ૫૧૦૦૦/- શ્રી આધોઇ પાંજરાપોળ
- ૫૧૦૦૦/- શ્રી મનફરા પાંજરાપોળ
- ૫૪૦૦૦/- શ્રી રાપર પાંજરાપોળ
- ૨૧૦૦૦/- શ્રી રવેચી પાંજરાપોળ
- ૨૧૦૦૦/- શ્રી પદમપર પાંજરાપોળ
- ૨૨૦૦૦/- શ્રી ભુજપર પાંજરાપોળ
- ૧૧૦૦૦/- શ્રી મોમાયમોરા પાંજરાપોળ
- ૧૧૦૦૦/- શ્રી પ્રાગપર પાંજરાપોળ
- ૧૧૦૦૦/- શ્રી લુણી પાંજરાપોળ
- ૧૧૦૦૦/- શ્રી બીદડા પાંજરાપોળ
- ૧૧૦૦૦/- શ્રી ગુંદાલા પાંજરાપોળ
- ૧૧૦૦૦/- શ્રી માંડવી પાંજરાપોળ

મંત્રીઓ (૧) શ્રી બાબુલાલ પેથા શાહ (૨) શ્રી દિનેશ રતનશી સાવલા

(M-17801) Add. by Sampurna Graphics - 982



પત્રિકા સૌજન્ય
માતુશ્રી રાજીબેન કાનજી વાલજી છેડા લાકડીયા
હસ્તે તપસ્વીની પુષ્પાબેન રૂપશી કાનજી છેડા
(ફેમીલીયર પરિવાર -ગોરેગામ)



# શ્રી આધોઈ પાંજરાપોળ

PAN.NO.AABTAO263A

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ઈ - ૩૯ (કચ્છ)

DONATION EXEMPTION u/s 80G(5) of I.T.Act Obtained permanently Vide No. CIT R-I/TECH/80G 2011-12 Dtd. 27-02-2012

મુંબઈ કાર્યાલય : મહાવીર જનરલ સ્ટોર્સ, ૧૫૪, બોરાબજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ- ૪૦૦ ૦૦૧. ફોન : ૨૨૬૧ ૨૨૩૧/૨૨૬૭ ૮૯૨૦/ ૯૮૨૧૨૮૪૪૨૮ (સુરેશ)



માતુશ્રી લક્ષ્મીબેન પોપટલાલ વીરજી બુરીચા



શ્રી પોપટલાલ વીરજી બુરીચા



શ્રીમતી નીમીષાબેન મનસુખ પોપટલાલ બુરીચા (આધોઈ)



ચિ. અનેરી અને ચિ. જય

**ભુખ્યા જીવોનું ભોજન બન્યુ, તરસ્યાનું જળ બન્યુ, જીવન સુંદર બન્યુ તમારુ, જીવતર ધન્ય બન્યુ.**

ગામ આધોઈના **માતુશ્રી લક્ષ્મીબેન પોપટલાલ વીરજી બુરીચાની સુપૌત્રી** અને **અ.સૌ. નિમીષાબેન મનસુખ પોપટલાલ વીરજી બુરીચાની સુપુત્રી ચિ. અનેરી**ના શુભ લગ્ન પ્રસંગે બુરીચા પરિવાર તરફથી **શ્રી આધોઈ પાંજરાપોળ સંસ્થા**ને નોંધનીય માતબર રક્કમનું અનુદાન પ્રાપ્ત થયું છે.

શ્રી મનસુખભાઈએ પોતાની દીકરીના લગ્ન પ્રસંગે આ અનુદાન આપી **શ્રી આધોઈ પાંજરાપોળની** ગોદમાં આશ્રય લઈ રહેલા **૨૦૦૦** જેટલા અબોલા જીવોના મુખે ઘાસચારાનું ભોજન પ્રસાદ અર્પણ કરીને મુંગા આશિર્વાદ મેળવ્યા છે. "દીકરીના લગ્ન પ્રસંગે અપાયેલ આ જીવદયા દાનની મહત્તા અનેકગણી વધી જાય છે.

સંસ્થા તેમના ઉદારતાપૂર્વક મળેલા મહાદાનને વધાવીને આ પરિવારને પ્રભુ પરમાત્મા સુખ, સંતોષ, સમૃધ્ધિ સંપત્તિ અને સુસ્વાસ્થ્ય બક્ષી સતકાર્યો કરવા શક્તિમાન રાખે એવી પ્રાર્થના સાથે શુભકામનાઓ અર્પણ કરે છે. **ચિ. અનેરી** અને **ચિ. જય**નું દામ્પત્ય જીવન સદાકાળ ખુશહાલી અને પ્રસન્નતાથી છલોછલ રહી યશનામી બની સફળતાનું સંગીત રેલાવતુ રહે એજ આશીર્વાદ.

: પત્રિકા સૌજન્ય :
મામા - ભાણેજની જોડી

**નાગરિક - થાણા**
શ્રી વેલજી નરશી શાહ (મામા)
શ્રી મનોજ વેલજી શાહ
શ્રી પ્રદીપ વેલજી શાહ

**વુડમૉલ - થાણા**
શ્રી મુલચંદ જેઠાલાલ ગાલા (ભાણેજ)
શ્રી પ્રેમજી જેઠાલાલ ગાલા (ભાણેજ)
શ્રી ધનજી જેઠાલાલ ગાલા (ભાણેજ)

લિ. ટ્રસ્ટીઓ

(J-91519)

# શ્રી વાગડ વિસા ઓસવાળ સમાજ થાણા

(Reg. No. MAH/641/04/THN) 80-G-No- THN/CIT-II/Trust/80-G/8/2009-10 w.e.f. 1-4-2009
કાર્યાલય : C/o.: કાંતિ વિસરીયા હોલ, ગાંવદેવી મેદાન ની બાજુમાં, થાણા (વે). પીન - ૪૦૦ ૬૦૨.

HPV vaccine

GARDASIL® Human Papillomavirus Vaccine

## રક્તદાન શિબીર • ગર્ભાશય કેન્સર રસ્સીકરણ • વૈદ્યકીય સેમિનાર

### અ.સૌ. શાંતિબેન હિરજી ભુરાભાઈ નિસર (સુવઈ) ના દાંપત્યજીવન ના સુવર્ણોત્સવે... વધામણા નિમિતે...

તેમના પરિવારના આર્થિક સહયોગથી

**શ્રી વાગડ વિસા ઓસવાળ સમાજ થાણા એ આ રસ્સીકરણ કાર્યક્રમનું આયોજન કરેલ છે...**



અ.સૌ. શાંતિબેન હિરજી નિસર

ગર્ભાશય કેન્સર (CERVICAL CANCER) ની રસ્સીકરણ...
શું આપની દિકરીને CERVICAL CANCER
(H.P.V. VACCINATION) મુકાવવી જરૂરી છે... ?
હા..હા..અને હા...
થાણા મા વસતી વાગડ ની ૧૨ વર્ષ થી ઉપરની
કુંવારી (અપરણીત) યુવતીઓ માટે...
આ વેકસીન મુકાવવાથી
ભવિષ્યમાં ગર્ભાશય કેન્સર થવાના ચાન્સ ઓછા છે...






અ.સૌ. શિલ્પા દિપક નિસર



અ.સૌ. ભારતી રાજેશ નિસર



અ.સૌ. નયના ચેતન નિસર



અ.સૌ. પ્રવિણા પ્રવિણ નંદુ

૧) ગર્ભાશય કેન્સર (સર્વાઈકલ કેન્સર) પાંચમાં નંબરનું અને સ્ત્રીઓમાં બીજા નંબરનું સૌથી વધારે પ્રમાણમાં થતુ કેન્સર છે.
૨) દરેક ૨ મિનિટમાં વિશ્વમાં એક સ્ત્રી સર્વાઈકલ કેન્સરથી મૃત્યુ પામે છે. વિચાર કરશું ત્યાર સુધીમાં વિશ્વની ૩ થી ૪ સ્ત્રીઓ આ બીમારીથી મૃત્યુ પામી હશે.
૩) ભારતમાં દર વર્ષે ૧.૬૨ લાખ નવા દર્દીઓની નોંધણી થાય છે. અને ૯૦ હજાર દર્દીઓ સર્વાઈકલ કેન્સરથી મૃત્યુ પામે છે.
૪) ગમે તે સમયે ભારતની **6.6 %** સ્ત્રીઓને સર્વાઈકલમાં એચ.પી.વી. વાયરસનો ચેપ હોય છે.

**એક (H.P.V. VACCINATION) રસ્સી ડોઝ ની કિંમત ૩ થી ૫ હજાર માં મળે છે અને ત્રણે ડોઝ ની કિંમત ૧૦ થી ૧૫ હજાર રૂપીયા થાય છે.**

**સાધર્મિક કાર્ડધારકોને**
ટોટલ ત્રણ ડોઝ (રસ્સીના)
**ફક્ત રૂા. 2000/- માં**
આપવામાં આવશે.

**પૈસા ભરી નામ નોંધણી કરાવવાનો સ્થળ**
શ્રી સતીશ ગીંદરા, વોલ ડેકોર,
ગડકરી રંગાયતનની બાજુમાં, થાણા
સમય : બપોરે ૩.૦૦ થી ૬.૦૦ વાગે
(મર્યાદિત સંખ્યા હોવાથી વહેલો તે પહેલો ના ધોરણે)
Name Registration Last Date 15/03/2017

**અન્યોને**
ટોટલ ત્રણ ડોઝ (રસ્સીના)
**ફક્ત રૂા. 6000/- માં**
આપવામાં આવશે.

કેન્સર અવેરનેસ / કેન્સરનાં લક્ષણો / કેન્સરની આધુનીક ઉપચાર પધ્ધતી / વિવિધ જાતના કેન્સરોની રસ્સીકરણ તેમજ વિવિધ વૈદ્યકીય વિષયો પર સેમીનાર તા.૧૯/૦૩/૨૦૧૭ રવિવાર ના કાંતિ વિસરીયા હોલ, થાણા.

**-: પ્રમુખ વક્તા થાણાના કેન્સરના નામાંકીત ડૉકટરો :-**

• ડૉ. બોમન (હેમેટોલોજીસ્ટ) • ડૉ. અશેષ ભુમકર (કાન - ગળા) • ડૉ. નિલેશ ચોરડીયા (કેન્સર સર્જન)

આ વૈકસીનેશન તેમજ સેમીનારનાં વિશેષ સહયોગ, માર્ગદર્શન આપનાર તેમજ રસ્સીકરણ કરનાર આપણા સમાજના તબીબો નો વિશેષ આભાર...
ડૉ. પ્રવિણા સાવલા • ડૉ. મણીલાલ મોતા • ડૉ. હિતેશ છાડવા • ડૉ. કિશોર બોરીચા • ડૉ. જયેશ બોરીચા • ડૉ. વૈશાલી બોરીચા • ડૉ. નિર્મળા શાહ

**વધુ વિગત માટે : ડૉ. મણીલાલ મોતા - ૯૮૨૧૦૪૨૨૯૪, સતીષ ગીંદરા - ૯૮૨૧૦૧૦૦૫૪, સરલા ગાલા - ૯૮૧૯૦૫૫૧૯૧**




**: પત્રિકા સૌજન્ય :**
સૌ. વિમલાબેન દિલીપ દામજી શાહ (પાલાશા) પરિવાર લાકડીયા - થાણા
સૌ. પ્રિયંકા હાર્દિક દિલીપ શાહ (પાલાશા) લાકડીયા - થાણા




(M-17803)

ZanURi grafik Ritesh R. Nandu 9967890250

Printed and Published by CHAMPSHI DEVSHI SHAH (The Printer and Publisher) for SHRI WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN CHARITABLE TRUST (The owner), printed at JAYANT PRINTERY 352/54, J.S.S. Road, Murlidhar Mandir Compound, Near Thakurdwar Post Office, Mumbai - 400 002. Ph.: 4366 7171 and Published at Shri WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN Office : Shree Parimal II, 103, 1st Floor, Daftary Road, Malad (E.), Mumbai - 400 097. Ph.: 2881 4346, 2882 4346, Fax: 2888 4346. Editor : LAXMICHAND POPATLAL CHARLA